**ઝઘડિયા GIDCમાં બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યો વિસ્તાર...**

# ઝઘડિયા GIDCની કંપનીમાં બ્લાસ્ટ સાથે ફાટી નીકળી ભીષણ આગ, 15થી વધુ કામદારો ગંભીર દાઝયા

કંપનીમાં લાગેલી અચાનક આગના કારણે આસપાસના વિસ્તારમાં ડરનો માહોલ જોવા મળ્યો

**દાઝી ગયેલા કામદારોની યાદી**

| | |
|---|---|
| સાગર પટેલ | અમન કુમાર |
| અરુણ તિવારી | હરી પ્રકાશ |
| કલ્પેશ વસાવા | રોનક પટેલ |
| શકીલ આફ્ટાર | પ્રવિણસિંહ |
| હાર્દિક પરમાર | રમેશ વસાવા |
| બુધન કુમાર | |

(પ્રતિનિધિ) ભરૂચ, તા.23 ભરૂચ જિલ્લાના ઝઘડિયા GIDCમાં ગુરુવારે એક ભીષણ ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ હતી. મેટ્રોપોલિટન એક્ઝીચેમ કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ સાથે ભયંકર આગ ફાટી નિકળતાં અફરાતફરી મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, આ હાદસામાં 15થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. જોતજોતામાં આગે આખી કંપનીને લપેટમાં લઈ લીધી. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતાં જ



ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો છે. આગ પર કાબૂ મેળવવા માટે વોટર કેનનનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. આગની લપેટમાં આવી જવાથી 15થી વધુ શ્રમિકો દાઝી ગયા છે. જેમાં ગંભીર રીતે દાઝેલા સુરત અને વડોદરામાં રીફર કરાયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. કંપનીમાં અન્ય કોઈ શ્રમિકો ફસાયેલા છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઘટનાના કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પડ્યું નથી.

**વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શ્રી રામ યુવા સંગઠનને વિરોધ નોંધાવ્યો**

# ધંધુકામાં હિન્દુ યુવાનની હત્યાના વિરોધમાં આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 અમદાવાદ જિલ્લાના ધંધુકામાં બનેલી હિન્દુ યુવાનોની હત્યાની ઘટનાઓએ સમગ્ર ગુજરાતમાં ભારે રોષની લાગણી જન્માવી છે. આ ઘટનાના વિરોધમાં અને હત્યારાઓને ફાંસીની સજાની માંગ સાથે આજે વડોદરા ખાતે 'શ્રી રામ યુવા સંગઠન' દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. આવેદનપત્ર આપ્યા બાદ મીડિયા સાથે વાત કરતા શ્રી રામ યુવા સંગઠનના પ્રદેશ પ્રમુખ નરેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, ધંધુકા મુકામે કિશન ભરવાડ, નવઘણ ભરવાડ અને ધર્મેશ થોરાણીની કરપીણ હત્યા એ માત્ર છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ



આ હિન્દુ સમાજના દીકરાઓ વિરુદ્ધનું એક મોટું અને સુનિયોજિત ષડયંત્ર છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જે રીતે નિર્દોષ હિન્દુ યુવાનોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, તે અત્યંત ગંભીર અને ચિંતાજનક બાબત છે. સંગઠન દ્વારા સ્પષ્ટ શબ્દોમાં માંગ કરવામાં આવી છે કે આ હત્યાકાંડમાં સંડોવાયેલા તમામ આરોપીઓને તાત્કાલિક ધોરણે ઝડપી પાડીને ફાંસીની સજા ફટકારવામાં આવે. નરેન્દ્રસિંહ પરમારે કહ્યું, જો આ કેસમાં કડક અને દાખલારૂપ કાર્યવાહી કરવામાં નહીં આવે તો અસામાજિક તત્વોના મનોબળ વધશે.

આ પ્રકારના કૃત્યો ભવિષ્યમાં ફરી ન બને તે માટે આરોપીઓને ફાંસી આપવી અનિવાર્ય છે, જેથી સમાજમાં કાયદાનો ડર રહે. વધતી જતી સામાજિક અસુરક્ષા અને ધાર્મિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને રામ યુવા સંગઠને વહીવટીતંત્ર સમક્ષ વધુ એક મહત્વની માંગણી મૂકી છે. સંગઠને વડોદરા શહેરમાં 'અશાંતધારા' નો કડક અમલ કરવા માટે તંત્રને અનુરોધ કર્યો છે. સંગઠનનું માનવું છે કે અશાંતધારાનો યોગ્ય અમલ કરવાથી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનશે અને અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ લાગશે. હવે જોવાનું એ રહે છે કે વહીવટીતંત્ર આ આવેદનપત્રને કેટલી ગંભીરતાથી લે છે અને આગામી સમયમાં કેવા પગલાં લેવાય છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને દાહોદ કલેક્ટર યોગેશ નિર્ગુડે દ્વારા સ્ટ્રોંગ રૂમ તથા કાઉન્ટિંગ હોલનું નિરીક્ષણ કરવામાં આવ્યું



**સિંગવડ :** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે જગ્યાએ સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવ્યો તથા કાઉન્ટિંગ હોલ ની દાહોદ કલેક્ટર યોગેશ નિર્ગુડિ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું સિંગવડ તાલુકાના મામલતદાર ઓફિસ ખાતે આગામી 26 તારીખે યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને દાહોદ કલેકટર યોગેશ નિર્ગુડિ દ્વારા સ્ટ્રોંગ રૂમ તથા કાઉન્ટિંગ હોલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જ્યારે આ સંદર્ભે સિંગવડ મામલતદાર સિંગવડ તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાર ઓફિસનો સ્ટાફ હાજર રહ્યો હતો.

**ગુજરાતી કલા અને સાહિત્ય માટે ગૌરવવંતી ક્ષણ**

# વ્યાસ બ્રધર્સે ડ્યુઅલ માણભટ્ટનો વૈશ્વિક પ્રયોગ પહેલીવાર વડોદરામાં કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.23 માણભટ્ટ આખ્યાનકાર વ્યાસ બ્રધર્સ કલ્પેશ વ્યાસ અને ચેતન વ્યાસે ગુજરાતની લોકકલાને વૈશ્વિક મંચ પર નવી ઓળખ અપાવાના પ્રયાસ સાથે લુપ્ત થતી જતી માણભટ્ટ આખ્યાન પરંપરાને વડોદરામાં ડ્યુઅલ માણભટ્ટ સાથે પ્રસ્તુત કરીને લુપ્ત થતી કલામાં શ્વાસ ભર્યો છે.

વૈશ્વિક સ્તરે પહેલીવાર ડ્યુઅલ માણભટ્ટનો પ્રયોગ કરનાર વ્યાસબંધુએ જણાવ્યું હતું કે, મહાન કવિ પ્રેમાનંદ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી પરંપરાને આધુનિક યુગમાં નવી દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં વૈદિક શ્લોકોની પવિત્રતા અને ગુજરાતી લગ્ન ગીતોની મધુરતાનો સંગમ સાથે સાંસ્કૃતિક ધરોહરના પુનરોત્થાનનું કાર્ય કરાયું હતું.



કાર્યક્રમમાં વૈદિક મંત્રોચ્ચાર, ગુજરાતી ભાતીગળ લગ્ન ગીતો અને માણભટ્ટ આખ્યાન શૈલીનો અદભુત સમન્વય જોવા મળ્યું હતું. પવિત્ર વૈદિક શ્લોકોના ગુંજતા સ્વરોથી વાતાવરણ આધ્યાત્મિક અને દિવ્ય બન્યું હતું. અમારી સાથે ૩૧ સંગીતકારોની ટીમે સંગીતમય વાતાવરણ ઉભુ કર્યું હતું. આ કાર્યક્રમ થકી ગુજરાતી કલા, સંસ્કૃતિ અને પરંપરાના ગૌરવને વેગ મળ્યો છે.

**સ્થાનિક સ્વરાજની ચૂંટણી-2026નો ધમધમાટ શરૂ**

# વડોદરા જિલ્લાની શાળાઓમાં મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાયા

વિદ્યાર્થીઓ હર્ષભેર મતદાન જાગૃતિ રેલી, ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધામાં જોડાયા




(પ્રતિનિધિ) વડોદરા, તા.23 તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ, રવિવારે સમગ્ર ગુજરાતમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર છે. તેના અનુસંધાનમાં વડોદરા જિલ્લાની તમામ શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શન હેઠળ, વડોદરાના શિક્ષણ નિરીક્ષક ભરતભાઈ સલાટના માર્ગદર્શન હેઠળ વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અનુસંધાનમાં ગામના નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને દરેક નાગરિક અચુક મતદાન કરે તે હેતુસર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વડોદરાની સરકારી માધ્યમિક શાળા, લીમડા,વાઘોડિયા દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિના પોસ્ટરો લઈને રેલીમાં ભાગ લીધો હતો અને અચુક મતદાન કરવા અંગેના નારા લગાવ્યા હતા. આ સાથે શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓ પણ આવતીકાલના નાગરિકો છે અને તેઓ પણ લોકશાહી પર્વનો એક ભાગ બને તે હેતુસર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ઉપરાંત, રોઝરી હાઈસ્કૂલ સ્થિત ઓડિટોરિયમ ખાતે સરકારી, ગ્રાન્ટેડ તેમજ નોન-ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યઓ સાથે જિલ્લા શિક્ષણાધિકારી તથા વડોદરાના શિક્ષણ નિરીક્ષકો બી.જે. વણજારા, કે.એમ. ભોઈ, રાજલક્ષ્મીબેન, ઉમેશભાઈ માછી અને રોનકભાઈ ભટ્ટ તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં મતદાન જાગૃતિ અંગે શપથ ગ્રહણ કરાવવામાં આવ્યું હતું.

**ભરૂચના કરમાલી ગામે દીપડો ત્રાટક્યો**

# દીપડાનો ત્રણ વાછરડા પર હુમલો, એકનો શિકાર

વનવિભાગે ગામલોકોને સાવચેત રહેવા અપીલ કરી, લોકોમાં ભારે ફફડાટ જોવા મળ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.23 ભરૂચ તાલુકાના કરમાલી ગામે દીપડાએ ત્રણ વાછરડા પર હુમલો કરી એકનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.ગત રોજ સાંજના સમયે બનેલી આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, ગામના ગોરધન વસાવાના ઘર નજીક દીપડાએ ત્રણ વાછરડાને નિશાન બનાવ્યા હતા. આક્રમક દીપડો એક વાછરડાને ઉપાડી ગયો હતો, જ્યારે અન્ય બે વાછરડા ઘટના સ્થળે જ રહી ગયા હતા. આ હુમલાને કારણે કરમાલી સહિત આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખાસ કરીને રાત્રિના સમયે લોકો અસુરક્ષિત અનુભવી રહ્યા છે. ગ્રામજનો બાળકો અને પશુઓને સાંજ પડતાં પહેલાં ઘરની અંદર બંધ કરી દે છે. નોંધનીય છે કે ભરૂચ શહેરના પૂર્વ પટ્ટી વિસ્તારમાં અગાઉ પણ દીપડા દેખાવાના અને પશુઓના શિકારના બનાવો બની ચૂક્યા છે. સતત બનતી આ ઘટનાઓ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે ચિંતાનું કારણ બની છે. સ્થાનિકોએ વન વિભાગ પાસે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. ગ્રામજનોએ દીપડાને પકડવા માટે વધુ પાંજરા ગોઠવવા અને વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની રજૂઆત કરી છે.

આ ઉપરાંત, પીડિત ગોરધન વસાવાને સરકાર તરફથી યોગ્ય આર્થિક સહાય આપવાની પણ માંગ કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી છે. અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને દીપડો દેખાય તો તાત્કાલિક વન વિભાગ કે પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

## દબાણ શાખાની આક્રમક બેટિંગ: રસ્તા રોકીને બેઠેલા દબાણકર્તાઓ સામે લાલ આંખ

વડોદરા : વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા 23 એપ્રિલ 2026ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં આક્રમક દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન રસ્તાઓ પર અડિંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે કડક કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખાએ વોર્ડ નંબર 10ની ટીમને સાથે રાખીને "વન ડે વન રોડ" અભિયાન હેઠળ વિશેષ કામગીરી કરી હતી. આ અંતર્ગત વાસના પંચમુખી હનુમાન મંદિરથી વાસના સુધીના મુખ્ય માર્ગની બંને બાજુએ નડતરરૂપ દબાણો હટાવવામાં આવ્યા હતા અને સ્થળ પરથી સામાન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. શહેરના અન્ય વિસ્તારોમાં પણ ટી.ડી.ઓ. વિભાગ અને બાપોદ પોલીસ સ્ટેશનની ટીમની મદદથી આજવા રોડ પાસે આવેલી પંચવટી સોસાયટીમાં કાર્યવાહી કરવામાં આવી હતી. અહીં નવજીવનની ગલીમાં સોસાયટીની કમ્પાઉન્ડ વોલ પાસે કરવામાં આવેલા આંતરિક દબાણોને સફળતાપૂર્વક દૂર કરાયા હતા.

**લીમખેડામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ અને ભયમુક્ત યોજવા પોલીસ સજ્જ**

# સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ સુરક્ષા, શસ્ત્રો જમા અને બુટલેગરો પર તવાઈ

**લીમખેડાના** નાયબ પોલીસ અધિક્ષક મિત્તલ સાકરીયાની આગેવાનીમાં સઘન બંદોબસ્ત

(પ્રતિનિધિ) લીમખેડા, તા.23 લીમખેડા ડિવિઝનમાં આગામી તા. 26/04/2026 ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને દાહોદ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ દ્વારા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. લીમખેડા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક મિત્તલ સાકરીયાએ જણાવ્યું હતું કે, મતદાન પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે પોલીસની પ્રાથમિકતા છે. આ માટે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લઈને ત્યાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કોઈપણ અપ્રિય ઘટનાને ટાળવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસની ટીમો ચોવીસ કલાક સતર્ક રહીને કામ કરી રહી છે.સીમાડાઓ અને આંતરિક વિસ્તારોમાં નજર રાખવા માટે 04 ચેકપોસ્ટ કાર્યરત કરવામાં આવી છે. આ ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકિંગ હાથ ધરી 4,765 વાહનોની તપાસ કરવામાં આવી છે, જેમાંથી 76 વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.

### શસ્ત્ર પરવાના ધારકો પર સખ્ત કાર્યવાહી

ચૂંટણીને ધ્યાનમાં રાખીને અસામાજિક તત્વો પર નિયંત્રણ મેળવવા અને જાહેર સુલેહ-શાંતિ જાળવવા માટે ડિવિઝનના 100% હથિયાર ધારકો પાસેથી શસ્ત્રો જમા લેવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. કુલ 1,436 શસ્ત્ર પરવાના ધારકો પૈકી 1,366 હથિયારો જમા કરાયા છે. જોકે, સરકારી કામગીરી, બેંકિંગ સુરક્ષા કે સિક્યુરિટી ગાર્ડ જેવી અનિવાર્ય સેવાઓ સાથે સંકળાયેલા 16 ધારકોને જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત, નિયમભંગ બદલ 50 શસ્ત્ર પરવાના રદ કરવામાં આવ્યા છે અને 1 શસ્ત્ર જપ્ત કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે પોલીસ વિભાગ ચૂંટણીના દિવસ સુધી કોઈ પણ પ્રકારની સુરક્ષામાં બાંધછોડ કરવા તૈયાર નથી.

### દારૂબંધી અને બુટલેગરો પર કડક તવાઈ

ચૂંટણી દરમિયાન લોભામણી લાલચ કે નશાકારક પદાર્થોના ઉપયોગને રોકવા માટે પોલીસે પ્રોહિબિશન અંગે આક્રમક અભિયાન હાથ ધર્યું છે. ડિવિઝનમાં પ્રોહિબિશનના 401 કેસો નોંધીને લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જેમાં 468 લીટર દેશી દારૂ અને 20,730 બોટલ વિદેશી દારૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 1,26,34,910/- થાય છે. આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડવો એ ચૂંટણીમાં મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસોને પોલીસની સજાગતાએ કેવી રીતે નિષ્ફળ બનાવ્યા છે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

**ડિમાન્ડ નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સી.એસ.ટી. રોડ, કાલિના, મુંબઈ 400098

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ("એક્ટ")ની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળની ડિમાન્ડ નોટિસ.

અહીં નીચે ઉલ્લેખિત 'એસાઈનર'એ નાણાકીય અસ્કયામતો એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપી છે, જે તેના પોતાના વતી/નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરે છે (ત્યારબાદ "EARC" તરીકે ઓળખાય છે). સરફેસી એક્ટ, 2002ની કલમ 5 હેઠળ થયેલ એસાઈનમેન્ટ કરારોના અનુસંધાને, EARCએ એસાઈનરનું સ્થાન લીધું છે અને લોન લેનાર દ્વારા મેળવેલ નાણાકીય સહાયના સંદર્ભમાં તમામ અધિકારો, માલિકી અને એસાઈનરના હિતો તેમજ તેની સાથે સંકળાયેલ સિક્યોરિટી, ગેરંટી, પ્લેજ (ગીરો) હવે EARCમાં નિહિત થયા છે અને EARC સિક્યોર્ડ ક્રેડિટર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ("EARC")ના અધિકૃત અધિકારી હોવાના નાતે એક્ટની કલમ 13(12) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ એક્ટની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચે જણાવેલ એસાઈનરના લેણદારોને તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે.

આ સંદર્ભમાં, લોન લેનાર(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર EARCને નીચે દર્શાવેલ રકમ, તેમજ ઉક્ત ડિમાન્ડ નોટિસમાં જણાવ્યા મુજબની વિગતો મુજબનું આગળનું વ્યાજ, નીચે દર્શાવેલ તારીખથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, લોન કરાર અને લોન લેનાર(ઓ) દ્વારા નિષ્પાદિત અન્ય દસ્તાવેજો/લખાણો (જો કોઈ હોય તો) હેઠળ ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરે. લોનની યોગ્ય ચુકવણી માટે સિક્યોરિટી તરીકે, નીચેની મિલકતો સંબંધિત લેણદારો દ્વારા EARC પાસે મોર્ગેજ મુકવામાં આવી છે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નંબર | ટ્રસ્ટનું નામ અને વેચાણ કરતી સંસ્થા | લેણદાર / સહ-લેણદાર / જામીનદારનું નામ | 13(2) નોટિસની તારીખ અને રકમ |
|---|---|---|---|---|
| 1 | BRDHL16 000283, BRDHL16 000274 & BRDHL16 000273 | L&T HOUSING FINANCE LTD | મહાવીર સમુંદર ચૌધરી (મૃતક) જેમના કાયદેસરના વારસદારો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવે છે (લેણદાર), દર્શના મહાવીર ચૌધરી (સહ-લેણદાર) | 23-03-2026 અને રૂ. 80,86,012.71 (અંકે રૂપિયા એંસી લાખ છયાસી હજાર બાર અને એકોતેર પૈસા પૂરા) તા. 23-03-2026ના રોજ મુજબ |

સિક્યોર્ડ એસેટ્સની વિગતો :નોંધણી જિલ્લો વડોદરા અને પેટા જિલ્લો વડોદરાના મોજે: સાવદ, રેવન્યુ સર્વે નં. 184/4, ક્ષેત્રફળ 6374 ચો.મી. પૈકીની જમીન પર વિકસાવવામાં આવેલ યોજના જે "દર્શન પાર્ક સોસાયટી" તરીકે ઓળખાય છે, તેના પ્લોટ નં. A/28, જેનું પ્લોટ ક્ષેત્રફળ 1562 ચો.ફૂટ + રસ્તા અને કોમન પ્લોટ માટેની પ્રમાણસર જમીન 811 ચો.ફૂટ - કુલ પ્લોટ વિસ્તાર 2373 ચો.ફૂટ પૈકી આશરે 581 ચો.ફૂટનું બાંધકામ, તેની પરના મકાન અને ફિક્સ સ્ટ્રક્ચર, ફિટિંગ્સ વગેરે સાથેની તમામ ચીજવસ્તુઓ અને પાર્સલ. મિલકતની સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં. 31, દક્ષિણે: માર્જિન સ્પેસ, પૂર્વે: 7.5 મીટર સોસાયટી રોડ, પશ્ચિમે: પ્લોટ નં. 30.

જો ઉક્ત લેણદારો ઉપર મુજબ EARCને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો EARC ઉક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે એક્ટની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ આગળની કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે લેણદારના જોખમે, ખર્ચ અને પરિણામોને આધીન રહેશે. લેણદારોને એક્ટ હેઠળ EARCની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતોને વેચાણ, લીઝ અથવા અન્ય કોઈપણ રીતે સ્થાનાંતરિત કરવા પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે એક્ટ અથવા તે હેઠળના નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવામાં મદદ કરે છે, તે એક્ટ હેઠળની જોગવાઈ મુજબ જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળ: ગુજરાત
તારીખ: 24-04-2026

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction

**દરેકને પોતાના મૂળભૂત અધિકારનો ઉપયોગ કરીને નિશ્ચિતપણે મતદાન કરવા અપીલ કરી**

# 104 વર્ષની ઉંમરે પણ મતદાન માટે તત્પર 'સવિતા બા' - લોકશાહીની જીવંત પ્રેરણા"



માંજલપુર ખાતે પોતાની દીકરી યોગિની શાહ સાથે રહેતી સવિતા બા પરિવાર અને પાડોશમાં ખૂબ જ પ્રિય વ્યક્તિ છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.23 વડોદરાની ૧૦૪ વર્ષીય સવિતા મંગળદાસ શાહ, જેઓને સૌ પ્રેમથી 'સવિતા બા' તરીકે ઓળખે છે, ફરી એકવાર ૨૦૨૬ની નગરપાલિકા ચૂંટણીમાં મતદાન કરવા માટે ઉત્સાહ સાથે તૈયાર છે. તેમની અડગ ઈચ્છાશક્તિ અને લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા દરેકને પ્રેરણા આપે છે. તેજસ્વી સ્મૃતિ, હંમેશા સ્મિત ભરેલો ચહેરો અને આનંદી સ્વભાવ ધરાવતી સવિતા બાએ ક્યારેય કોઈ ચૂંટણી ચૂકી નથી અને આ વર્ષે પણ પરિવાર સાથે મતદાન કરવા માટે દઢ નિશ્ચય કર્યો છે. તેઓ સૌને અપીલ કરે છે કે, દરેક નાગરિકે પોતાના મૂળભૂત અધિકારનો ઉપયોગ કરી મતદાન કરવું જ જોઈએ. તેમનું જીવન ઈતિહાસ સાથે જીવંત જોડાણ ધરાવે છે. સવિતા બા,તેમણે પોતે શાળાના કાર્યક્રમમાં ગાંધીજી સાથે થયેલી મુલાકાતનો પ્રસંગ યાદ કર્યો હતો. આટલુ જ નહી તેમણે દાંડી યાત્રા પસાર થઈ હતી તે જોવાનો અનુભવ પણ વ્યક્ત કર્યો હતો અને ઐતિહાસિક ગોલ્ડન બ્રિજના ઉદ્ઘાટન પ્રસંગમાં પણ હાજરી આપી હોવાનું જણાવ્યું હતું. સરળ અને નિયમિત જીવન જીવતી સવિતા બા રોજ ધાર્મિક ગ્રંથોનું વાંચન અને પ્રાર્થના કરવામાં સમય પસાર કરે છે. તેમના રમૂજી અને મીઠા સ્વભાવને કારણે તેઓ દરેક વયના લોકો સાથે સહજ રીતે જોડાઈ જાય છે. મંજલપુર ખાતે પોતાની દીકરી યોગિની શાહ સાથે રહેતી સવિતા બા પરિવાર અને પાડોશમાં ખૂબ જ પ્રિય વ્યક્તિ છે. તેમની સકારાત્મકતા પરિવારજનોને નજીક લાવે છે, જેમાં તેમની વહુ મેઘના શાહ પણ નિયમિત મુલાકાત લે છે. પોતાની અવિરત ઊર્જા અને નાગરિક ફરજ પ્રત્યેની લાગણી દ્વારા, સવિતા બા અને તેમનો પરિવાર એક શક્તિશાળી સંદેશ આપે છે,મતદાન કરો, અવશ્ય કરો.

આમ, આ 104 વર્ષના બા એ પોતાના જીવનમાં અચૂક મતદાન કરીને દેશ તથા દેશમાં સફળ રાજકીય પક્ષની સાથે રહીને આજના યુવાનોને મતદાન કરવા પ્રેરિત કરે છે અને તેઓ વધુમાં જણાવે છે કે આજનો યુવા કાલનુ ભવિષ્ય છે અને મતદાન થકી આપણે આપણા માટે યોગ્ય નેતા અને દેશસેવક પસંદ કરી શકીએ છીએ માટે આપણા એક મતની કેટલી ક્િમત તે આવનારા દિવસોમાં ચૂંટણી દરમિયાન અને તે પછી પરિણામો બાદ આપણને જોવા મળે છે.

**ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., અમૂલ ડેરી, આણંદ**

**જમીન ખરીદવાની છે**

આ સાથે જણાવવાનુંકે, અમૂલ ડેરીના ભવિષ્યના વિસ્તરણ માટે નીચે મુજબની જમીન ખરીદવાની છે :-

જમીન આણંદ, મહિસાગર અને ખેડા જિલ્લા માં હોવી જોઈએ અને તેનો વિસ્તાર ઓછા માં ઓછો ૧૦ વીઘા કે તેથી વધુ નો હોવો જોઈએ. બિન ખેતી લાયક જમીન (N.A.), હાઇવે ટચ જમીન તથા અમુલ ડેરી ના હાલ ના પ્લાન્ટ/ જમીન ની હદ ને અડી ને આવેલ જમીન ને પ્રાથમિકતા આપવામાં આવસે.

ઉપરોકત મુજબની સ્વતંત્ર માલીકીની જમીન વેચાણ માટે રસ ધરાવતા જમીન માલિકો જ, જમીનની વિગતો (૭/૧૨, ૮-અ વિગેરે),અમારી વેબસાઇટ www.amuldairy.com પર જઈને "useful link" માં જઈને Land Tender પર ક્લીક કરીને માંગ્યા પ્રમાણે ની વિગતો ભરવાની રહેશે . જો તમને વિગત ભરવામાં કોઈ તકલીફ હોય તો સંઘ ના નંબર ૯૭૨૭૭૦૧૪૪૫ પર ફોન કરી સમજવાનું રહેશે. વેબસાઇટ પર વિગત તા. ૦૪.૦૫.૨૦૨૬ સુધીમાં ભરી દેવાની રહેશે.

તા. ૨૪.૦૪.૨૦૨૬ મેનેજિંગ ડિરેક્ટર